હોવો જોઈએ. પરિપૂર્ણપણે ભાવાત્મક જીવન ગાળતો હોવો જોઈએ. આવી સ્વસ્થતા અને પરિપૂર્ણતા માટે ત્રણ વસ્તુની જરૂરીયાત છે - માણસ પાસે પોતાનો કહી શકે એવો એક સમાજ જોઈએ, સમુદાય જોઈએ. જીવનનું એક માળખું જોઈએ, ઢાંચો જોઈએ. જીવનમાં કાંઇક અર્થ સભરતા જોઈએ. આજે આ ત્રણેય વસ્તુનો અભાવ છે, અને તેથી જ ચારે કોર અસ્વસ્થતા અને અરાજકતા વર્તાય છે.

પ્રશ્ન: "ઉપરોક્ત પરિચ્છેદમાં દર્શાવેલ ત્રણ જરૂરિયાતના સંદર્ભમાં તમારું પોતાનું જીવન તપાસી જે તે બાબતના અભાવને દૂર કરી સ્વસ્થ જીવન જીવવા તમે શું કરશો તે માટેનું ચિંતન ડાયરી-નોંધ સ્વરૂપે તૈયાર કરો.

3 "શિક્ષણ વિચાર" પુસ્તકમાંથી લીધેલ નીચેનો ફકરો વાંચી આપેલ પ્રશ્નનો ઉત્તર લખો.

આજની શિક્ષણ પ્રથામાં આપણે શું કરી રહ્યા છીએ? જાણે કે શિક્ષણ મેળવતી વખતે વિદ્યાર્થી જીવતો જ ન હોય ! જીવવાનું તો એક વાર શિક્ષણ મેળવી લીધા પછી છે! પહેલાં બધું શીખી લેવું અને પછી જીવવું. જાણે જીવવું અને શીખવું, એ બે ચીજ સાવ અલગ-અલગ ન હોય ! ખરું જોતાં, જેનો જીવવા સાથે સંબંધ નથી, તેને મરવું જ કહેવાય.

આજની વિચિત્ર શિક્ષણ પદ્ધતિને કારણે જીવનના બે ટુકડા પડી જાય છે. આયુષ્યનાં પહેલાં પંદર વીસ વરસમાં માણસ જીવવાની ઝંઝટમાં પડ્યા વિના માત્ર શિક્ષણ પ્રાપ્ત કરે અને ત્યારબાદ શિક્ષણને પેટીમાં પૂરી દઈને મરવા સુધી જીવે.

પ્રશ્ન :ઉપરોક્ત વિચારોને આધાર તરીકે લઇ શિક્ષણને જીવનલક્ષી બનાવવા માટે કેવા નવતર પ્રયોગો હાથ ધરી શકાય તે અંગેનો એક લેખ તૈયાર કરો.

— × —